


GUJARATI

# પડછાયાનો ખેલ

ઈન્દુ નાયર
ચિત્રો વસુંધરા અરોડા

एकलव्य



# પડછાયાનો ખેલ


ઈન્દુ નાયર


ચિત્રો વસુંધરા અરોડા

ભાષાંતર બંસી



ARCH एकलव्य






છોકરીએ ઉપર આકાશમાં જોયું,
આકાશમાં સૂરજ ચમકતો હતો.

તેણે ધરતી પર જોયું,
તેને પોતાનો પડછાયો દેખાયો.






છોકરીએ ચારેતરફ જોયું કે
એક વસ્તુને એક જ પડછાયો હોય છે.

એક ઝાડમાં એક ઝાડનો પડછાયો
એક માણસમાં પણ એક માણસનો પડછાયો.

છોકરીનો પડછાયો તો બહુ રમતિયાળ હતો!
એ તેના ચાળા પાડ્યે જ રાખે.

છોકરીની સાથે જ ચાલે અને તેની સાથે જ બેસે.





બેય સાથે કૂદે, અને સાથે
જ નાચે!


છોકરીએ જોયું કે તેનો પડછાયો ફક્ત
કાળાં જ કપડાં પહેરે છે.

તેના પીળા ટી-શર્ટનો પડછાયો કાળો છે.

તેનું લાલ ફ્રોક પણ પડછાયામાં કાળું જ
દેખાય છે!







પોતાના પડછાયા સાથે રમતાં-રમતાં તેને ખબર
પડી કે તેનો પડછાયો એકસરખો રહેતો નથી.
ક્યારેક તે લાંબો થઈ જાય, તો ક્યારેક ટૂંકો.
ક્યારેક તેની આગળ રહે, તો ક્યારેક પાછળ.









તેના પડછાયાને પણ સંતાકૂકડી રમવાનું બહુ ગમે...


અરે! પડછાયો ક્યાં ગયો?
આ રહ્યો! મોટા પડછાયાની અંદર નાનો પડછાયો
સંતાઈ ગયેલો.




કોઈ–કોઈ વખત છોકરીને પડછાયો ડરામણો લાગતો.


તે સીડી ચડતી ત્યારે તેનો પડછાયો પગથિયાં પર સાવ વાંકોચૂકો થઈ જતો.
પાણીમાં પડછાયો કોઈ નર્તકી જેવો દેખાતો, અને કોઈક વાર હાલકડોલક થતો!







આકાશમાં વાદળ ઘેરાવા માંડ્યાં...
વાદળોએ સૂરજને જયારે આખો
ઢાંકી દીધો
ત્યારે પડછાયો સાવ ગુમ થઈ ગયો.





એ રાતે ઓરડો બંધ કરી, તેણે ટોર્ચને હથેળીથી ઢાંકી. અરે, દીવાલ પરથી તેના હાથનો પડછાયો પણ ગાયબ થઈ ગયો!





ટોર્ચના પ્રકાશમાં રમવાની તેને મજા પડવા માંડી.
ભીંત પર તેણે હાથના જાતભાતના આકાર પાડ્યાં.



સવારે તેણે જેવી બારી ખોલી કે
તેણે જોયું–
આકાશમાં સૂરજ ચમકી રહ્યો હતો.

અધમણ અજવાળાં ભેગો
તેનો પડછાયો પણ દીવાલ પર રેલાઈ ગયો.







મારા સૌથી મોટા પ્રશંસક મારા માતા-પિતા, બાળકો અને મિત્રોને સમર્પિત.
– ઈન્દુ નાયર

પડછાયાનો ખેલ
Padchhayano Khel

વાર્તા: ઈન્દુ નાયર
ચિત્રો: વસુંધરા અરોડા
ડિઝાઇન: ઇશિતા દેબનાથ બિસ્વાસ
ગુજરાતી ભાષાંતર: બંસી
સહયોગ: આર્ચ ટીમ

મૂળ એકલવ્ય દ્વારા પ્રકાશિત હિન્દી વાર્તા *'परछाईं का खेल'* નું ગુજરાતી ભાષાંતર.
Gujarati translation of story 'Parchhain ka khel' published in Hindi by Eklavya.

ઈન્દુ નાયર, જાન્યુઆરી 2023

આ પુસ્તક ક્રિએટિવ કૉમન્સના Attribution-Non-commercial-NoDerivatives 4.0 International (CC BY-NC-ND) લાયસન્સ અંતર્ગત છે, જેનું સંપૂર્ણ વિવરણ https://creativecommons.org/licenses/by-nc-nd/4.0/ પર ઉપલબ્ધ છે

ક્રિએટિવ કૉમન્સ લાયસન્સ અંતર્ગત આ વાર્તાનો બિન-ધંધાકીય શૈક્ષણિક હેતુ માટે ઉપયોગ કરી શકાશે. ઉપયોગ કરનારે પુસ્તકનો મૂળ સ્ત્રોત તરીકે ઉલ્લેખ કરવો તથા પ્રકાશકને સૂચિત કરવા આવશ્યક છે. અન્ય કોઈ પણ પ્રકારના ઉપયોગ માટે આર્ચ તથા એકલવ્યનો સંપર્ક કરવો.

ચિત્રો © વસુંધરા અરોડા, જાન્યુઆરી 2023

પ્રથમ સંસ્કરણ: સપ્ટેમ્બર 2023/ 1000 નકલ
કાગળ: 100 gsm મૅટ આર્ટ પેપર અને 250 gsm પેપરબોર્ડ
ISBN: 978-81-963643-5-9
કિંમત: ₹110.00

**સહપ્રકાશક:**

એકલવ્ય ફાઉન્ડેશન (Eklavya Foundation)
જમનાલાલ બજાજ પરિસર, જાટખેડી,
ભોપાલ - 462 026 (મધ્ય પ્રદેશ)
ફોન: +91 755 - 297 7770, 71, 72
www.eklavya.in / books@eklavya.in


આર્ચ (ARCH)
નગારિયા, ધરમપુર.
વલસાડ - 396 050 (ગુજરાત)
ફોન: +91 98256 51341
ઈમેલ: arch.dharampur@gmail.com

મુદ્રક: આર કે સિક્યુપ્રિન્ટ પ્રા. લિ., ભોપાલ, ફોન +91 755 268 7589



## ઈન્દુ નાયર

ઈન્દુને બાળકો માટે લખવું, અને રંગોથી કાગળ પર સુંદર કલાકૃતિઓ ઉતારવાનું ગમે છે. તેમનું પહેલું પુસ્તક *એક ઔર બહુત સારે* તુલિકા દ્વારા પ્રકાશિત થયું છે. નવરાશના સમયમાં તેઓ બાળકો સાથે આર્ટ અને ક્રાફ્ટ કરવાનું પસંદ કરે છે. તેમને સંગીત સાંભળવું ગમે છે. ઈન્દુ, એકલવ્ય ફાઉન્ડેશન, ભોપાલના પ્રકાશન કાર્યક્રમ અંતર્ગત પ્રોડક્શનનું કામ સંભાળે છે.



## વસુંધરા અરોડા

દિલ્લીમાં જન્મેલાં વસુંધરા અરોડા, વ્યવસાયિક કલાકાર અને કલાના વિદ્યાર્થી છે. તેઓ હાલ એમએસયુ, બરોડાથી પેઈન્ટિંગની ડિગ્રી પૂરી કરી રહ્યાં છે. હંમેશાથી જ કળાના કોઈને કોઈ રૂપને ખિલવવામાં તેમને મજા આવતી રહી છે. તેમના પેઈન્ટિંગ *ઈમ્પર્સોનેશન* નો કોચી મુજરિસ દ્વિવાર્ષિક મહોત્સવ 2020-21માં સમાવેશ કરવામાં આવ્યો હતો. તેમણે બાળકો માટેનાં સામાયિકો *પ્લૂટો* અને *સાઈકલ* માટે પણ ચિત્રો બનાવ્યાં છે.

છોકરીનો નટખટ પડછાયો એના ચાળા પાડે છે.
એ બેય સાથે બેસે ને સાથે જ ચાલે.
સાથે કૂદે, અને સાથે જ નાચે!

ચાલો જોઈએ કે છોકરીનો પડછાયો કેવા કેવા ખેલ કરે છે...



मूल्य: ₹ 110.00

ARCH

एकलव्य

9 788196 364359